## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સર, છોકરીનાં મા-બાપ પાસેથી વધુ પૈસા લેવાનો એક ઉપાય છે... પેરેન્ટસને અમે તમારાથી બચાવવાનાં પ્રોટેક્શન મનીના ભાગરૂપે નવી ફી માટે એગ્રી કરી શકીએ...!!

# જિલ્લામાં વરસાદ અને ખેતીની પેટર્નમાં બદલાવ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં વરસાદની મોસમનો ધીમો પ્રારંભ થયો હોવા છતાં જિલ્લામાં ૫૦ ટકા જેટલા વિસ્તારમાં વાવેતર સંપન્ન થયું છે. વરસાદ હજુ આ સિઝનનો માત્ર ૨૫ ટકા જ નોંધાયો છે. જે ગત વર્ષની આ સમયગાળામાં થયેલા વરસાદ સાથે તુલના કરીએ તો ૩૬ ટકા જેટલો ઓછો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં આ વખતે વરસાદે તેની પેટર્નમાં બદલાવ કર્યો છે તો ખેડૂતોએ પણ પરંપરાગત પાક વાવણીની પેટર્નમાં ફેરફાર કર્યોછે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૫ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થઈ ચુક્યુ છે. કઠોળ અને મગફળી તેમજ ઘાસચારાના પાકોનું વાવેતર વધ્યુ છે. કપાસની પરંપરાગત ખેતીમાં ત્રણ હજાર હેક્ટરથી પણ વધુનો ઘટાડો નોંધાયો છે.

જિલ્લામાં ગત વર્ષે આ સમયે વરસાદ વધુ હોવા છતાં પાકનું વાવેતર ૪૯ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં જ નોંધાયુ હતુ જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં કપાસનું વાવેતર ૨૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં થયુ છે જ્યારે મગફળીનું વાવેતર ૫૭૦૦ થી વધુ હેક્ટરમાં થઈ ચુક્યુ છે. કઠોળ પાકોના વાવેતરમાં પણ આ વખતે ખેડૂતોએ સારો ઉત્સાહ બતાવ્યો છે. જિલ્લામાં સારૂ ચોમાસુ આવશે તેનો વિશ્વાસ હજુ પણ ખેડૂતો ધરાવી રહ્યા છે.

**ગત વર્ષની તુલનામાં ૩૬ ટકા વરસાદ ઓછો થયો પણ વાવેતર વિસ્તારમાં વધારો થયો છે તેમજ કઠોળ, મગફળી, ઘાસચારાનું વાવેતર વધ્યું કપાસનું વાવેતર ઘટ્યું**

જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૨૫.૦૨ ટકા વરસાદ નોંધાયો છે. જે ગત વર્ષની તુલનામાં ૩૬ ટકા ઓછો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સરેરાશ ૨૦૩ મિ.મિ. વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વરસાદ દહેગામમાં ૨૪૭ મિ.મિ. જે સિઝનનો ૩૦ ટકા જેટલો થવા જાય છે. આ પછીના ક્રમે માણસા તાલુકો આવે છે જ્યાં ૨૨૨ મિ.મિ. વરસાદ નોંધાયો છે જે સિઝનના ૨૬.૬૮ ટકા જેટલો થાય છે.

જિલ્લામાં સૌથી ઓછો વરસાદ ગાંધીનગર તાલુકામાં નોંધાયો છે. અત્યાર સુધીમાં ૧૬૨ મિ.મિ. વરસાદ થયો છે. સિઝનનો જે ૧૯.૫૨ ટકા જેટલો થાય છે કલોલમાં ૧૮૨ મિ.મિ. વરસાદ થયો છે જે સિઝનના ૨૩.૨૪ ટકા જેટલો થાય છે.

જિલ્લામાં આ વર્ષે છુટો છવાયો વરસાદ નોંધાયો છે. સાર્વત્રિક વરસાદ ઓછો થયો છે. ગત વર્ષ અને આ વર્ષની તુલનામાં વરસાદના દિવસો સરેરાશ ૧૫ દિવસ થવા જાય છે.

જિલ્લામાં વરસાદે તેની પેટર્નમાં બદલાવ કર્યો તો ખેડૂતોએ પાક પેટર્નમાં બદલાવ કર્યો હોવાની વાતોએ જોર પકડ્યું છે. જિલ્લામાં જે રીતે વરસાદ થવો જોઈએ તે થયો નથી પરંતુ વાવણી લાયક વરસાદને પગલે ખેડૂતોમાં ચિંતા અને ખુશીની મિશ્ર લાગણીઓ જોવા મળી રહી છે.

## રવિવારે જૈન દેરાસરમાં જાહેર પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સેકટર-૨૨ સ્થિત જૈન દેરાસરમાં આગામી તા. ૩૧ જુલાઈને રવિવારના રોજ દશ્ય દુનિયાના અદશ્ય કારણો વિષય ઉપર જાહેર પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પૂજય આચાર્ય નરરત્ન સૂરીશ્વરજી તેમજ બાળકોના લાડીલા પૂજય ગુરુદેવ કૃપારત્ન વિજયજી વિષય અનુરૂપ સવારે ૯.૦૦ કલાકે પ્રવચન આપશે. આ પ્રસંગે નગરના તમામ ભાવિક ભકતોને હાજર રહેવા દિપક શાહે અનુરોધ કર્યો છે.

**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**

GUDA બ્લોક નં.૧૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭

**જાહેર નોટીસ**

આથી તમામ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને જણાવવામાં આવે કે, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવિષ્ટ મોજે : રાંધેજા તથા પેથાપુર વિસ્તારની સીમમાં મુસદારૂપ નગર રચના યોજના નં. ૨૪ (રાંધેજા-પેથાપુર)માં સમાવિષ્ટ જમીનોની પુનઃરચના કરી કામચલાઉ દરખાસ્તો સત્તામંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. સદરહુ પુનઃરચનાની કામચલાઉ દરખાસ્તોની સમજુતી તથા જાહેર જનતાનાં સલાહ સુચનો, લોકમત અને વાંધાઓ માટે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો : ૧૦૭૯ના નિયમ નં. ૧૭ હેઠળ સત્તામંડળ તરફથી જમીન માલિકો, સંસ્થાઓ તથા હિત સંબંધ ધરાવનાર ઈસમોની મીટીંગનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

સદરહુ મીટીંગમાં હાજર રહેવા સારું યોજના વિસ્તારમાં સમાવિષ્ટ જમીન માલિકોને વ્યક્તિગત પત્ર પાઠવી જાણ કરવામાં આવેલ છે. પરંતુ કોઈપણ કારણસર પત્ર મળેલ ન હોય તો સદરહુ જાહેર નોટીસને ધ્યાનમાં લઈ સંબંધિત જમીન માલિકોએ મીટીંગમાં હાજર રહેવા આથી જણાવવામાં આવે છે.

**મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪ (રાંધેજા-પેથાપુર)**
**તારીખ : ૨/૮/૨૦૧૬**
**સમય : બપોરે ૨.૦૦ કલાકે**
**સ્થળ : ગ્રામ પંચાયતની કચેરી, રાંધેજા ગામ, ગાંધીનગર**

સહી/-
મુખ્ય કારોબારી અધિકારી
માહિતી/૧૧૦૬/૨૦૧૬-૧૭ ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગર



વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો : ગાંધીનગર લીયો ક્લબ દ્વારા સે-૨૦ પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ક્લબના પ્રમુખ કથન ત્રિવેદીના નેતૃત્વમાં સૌએ સાથે મળીને વૃક્ષારોપણ કર્યું હતું.

## ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર દ્વારા રજત જયંતિ મહોત્સવની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૯

ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર દ્વારા આગામી તા. ૩૧ જુલાઈને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, સે-૧૨, ખાતે વાર્ષિક સાધારણ સભા તથા સંસ્થાને ૨૫ વર્ષ પૂર્ણ થતા 'રજત જયંતિ મહોત્સવ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોસાયટીના ૭૦ વર્ષ થતા તેથી વધુ ઉંમરના સભાસદોનું તથા સોસાયટીમાં સભાસદ તરીકે સતત ૨૫ વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા સભાસદોનું સન્માન કરવાનો કાર્યક્રમ રાખેલ છે.

આ સમારંભમાં સોસાયટીના તમામ સભાસદોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ડૉ. અમૃતભાઈ સવાભાઈ સોલંકી દ્વારા જણાવાયું છે.

## ૩૧મીએ જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જીલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક તા. ૩૧/૦૭/૨૦૧૬ના રોજ ૩ કલાકે પંચાયત પરિષદ સેકટર-૧૭ ખાતે જીલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સુર્યસિંહ ડાભી તેમજ વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડકશ્રી અને ગાંધીનગર જીલ્લા કોંગ્રેસના પ્રભારીશ્રી બળવંતસિંહ રાજપૂત, શ્રી રમેશભાઈ દેસાઈ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી રામાજી ઠાકોર ઉપરાંત ધારાસભ્યો સર્વશ્રી બળદેવજી ઠાકોર, અમિતભાઈ ચૌધરી, કામીનીબા રાઠોડ, પ્રદેશ હોદેદારો સર્વશ્રી નિશિત વ્યાસ, ડૉ.હિમાંશુ પટેલ, જગદીશભાઈ ઠાકોર, ડૉ.સી.જે.ચાવડા, જશુભા રાણા, બાબુસિંહ ઠાકોરની વિશેષ ઉપસ્થિતમાં યોજાનાર છે. જેમાં સંગઠન, પક્ષના કાર્યક્રમો, અગામી વિધાનસભાની ચુંટણી સંદર્ભે બુથ સમિતિ, શોકઠરાવો વિગેરે મુદ્દાઓનો કાર્યસૂચિમાં સમાવેશ કરવામાં આવ્યો છે.



સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે દર શનિવારે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવે છે. કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે અને દિલિપસિંહ ઝાલાના યજમાનપદે ભકિતભાવપૂર્વક ૧૧ દિવસીય સુંદરકાંડના પાઠનું અનુષ્ઠાન સંપન્ન કરવામાં આવ્યું હતું.

## સીસીટીવી કેમેરા ન લગાડનાર ત્રણ વેપારીઓ સામે ગુના દાખલ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર એલસીબીની ટીમે સે-૬, ઘ-૨ સર્કલ નજીક સ્થિત બે કોમર્શીયલ કોમ્પ્લેક્ષોમાં દરોડા પાડી સીસીટીવી કેમેરા ન લગાડનાર વેપારીઓ સામે કડક કાર્યવાહી કરી ગુનો દાખલ કર્યો છે. શ્રીજી કોમ્પ્લેક્ષમાં કેમેરા ન લગાડવા બદલ કિન્નર ભુપેન્દ્રભાઈ શાહ, સુરભી કોમ્પ્લેક્ષમાં કેમેરા ન લગાડવા બદલ જીજ્ઞેશ કનુભાઈ પટેલ અને શ્રીજી કોમ્પ્લેક્ષમાં સ્થિત ભગવતી સારીઝમાં કેમેરા ન લગાડવા બદલ ચેતન બાબુભાઈ પ્રજાપતિ સામે જિલ્લા કલેકટરના જાહેરનામા ભંગ કરવા બદલ કલમ ૧૮૮ મુજબ ગુનો નોંધી વેપારીઓ સામે કાર્યવાહી શરુ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા વેરા વસુલી માટે બિલોના કરાયેલા વિતરણમાં એડવાન્સ ટેક્ષ ભરવાના બિલમાં પેમેન્ટ થઈ ગયાનો ઉલ્લેખ ન થયો હોવાથી લોકો મનપાની કચેરીએ પહોંચ્યા હતા. તંત્ર દ્વારા સોફ્ટવેરમાં સુધારો થઈ રહ્યાનું જણાવતાં એડવાન્સ ટેક્ષ ભરનારાઓને ચિંતામુક્ત રહેવા અપીલ કરાઈ છે.
- ગાંધીનગર શહેરની બસ સેવાઓમાં ઘણી ટ્રીપો ખાલી જતી હોવાથી તેને લઈ તંત્રએ પુનઃ વિચારણા કરવી જોઈએ તેવી માંગ તીવ્ર બની છે.
- ગાંધીનગર ભાજપના આગેવાનો અંબાજી અને વડોદરાના પ્રશિક્ષણ અભ્યાસ વર્ગમાં વ્યસ્ત બન્યા છે.
- શહેરી મેલેરિયાના કર્મચારી જ બિમારીમાં પટકાતાં તંત્રની કામગીરી પર વિપરીત અસરો પડી છે. જોશી અને દિનેશ માણેકને તાવ-ગળામાં બળતરા, શરદીની ફરિયાદ કરી રહ્યા છે.
- ગાંધીનગર મનપા દ્વારા રાજયપાલશ્રીની ઉપસ્થિતિમાં રાજભવન ખાતે નગરનો જન્મદિવસ ઉજવવામાં આવશે.
- વિકાસ કમિશનર દ્વારા આજે ત્રણ કલાકની લાંબી વિડીયો કોન્ફરન્સ યોજાઈ હતી.
- રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રના પૂર્વ વિદેશ મંત્રી માધવસિંહ સોલંકીનો આજે જન્મદિવસ છે.

